અપીલ અરજી નં.૨૦૮ તા.૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભગવાનભાઈ નાનજીભાઈ પટેલ

સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગવાનભાઈ નાનજીભાઈ પટેલની તા.૨૬–૮–૦૯ ની અરજીથી ખટોદરા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૪/ એ, રેવન્યુ સર્વે નં. ૩૦ પૈકી, ૩૫–૩૬ પૈકી પ્લોટ નં.૧ ટેના નં.૧૪એ–૧૯–૦ ૪૫૧–૦–૦૦૧ ના આકારણી દફતરે નામ દાખલ કરવા માટે સને ૧૯૭૭–૭૮ ની સાલમાં આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જેવાકે નામ ટ્રાન્સફર ફોર્મ, કબ્જા રસીદ સોસાયટી તરફથી આપવામાં આવેલ નામ ટ્રાન્સફરનો ઠરાવ ની નકલો આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૮/૨૦૦૯–૧૦

શ્રી ભગવાનભાઈ નાનજીભાઈ પટેલની તા.૨૬–૮–૦૯ ની અરજીથી ખટોદરા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૪/ એ, રેવન્યુ સર્વે નં. ૩૦ પૈકી, ૩૫–૩૬ પૈકી પ્લોટ નં.૧ ટેના નં.૧૪એ–૧૯–૦૪૫૧–૦–૦૦૧ ના આકારણી દફતરે નામ દાખલ કરવા માટે સને ૧૯૭૭–૭૮ ની સાલમાં આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જેવાકે નામ ટ્રાન્સફર ફોર્મ, કબ્જા રસીદ સોસાયટી તરફથી આપવામાં આવેલ નામ ટ્રાન્સફરનો ઠરાવ ની નકલો આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૦૨૪ તા.૨૪–૯–૦૯ થી મળેલ માહિતી ના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૨ તા.૧૩–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઝોન/અકણ/૧૧૩૯ તા.૨૨–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૦૨૪ તા.૨૪–૯–૦૯ ના પત્રની નકલ તથા યુપીસી પોસ્ટ કર્યાની વિગત અત્રેના વિભાગને પૂરી પાડેલ છે.

અરજદારની તા.૨૬–૮–૦૯ ની અરજીથી ખટોદરા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૪/ એ, રેવન્યુ સર્વે નં. ૩૦ પૈકી, ૩૫–૩૬ પૈકી પ્લોટ નં.૧ ટેના નં.૧૪એ–૧૯–૦૪૫૧–૦–૦૦૧ ના આકારણી દફતરે નામ દાખલ કરવા માટે સને ૧૯૭૭–૭૮ ની સાલમાં આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જેવાકે નામ ટ્રાન્સફર ફોર્મ, કબ્જા રસીદ, સોસાયટી તરફથી આપવામાં આવેલ નામ ટ્રાન્સફરનો ઠરાવ ની નકલોની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.સા..ઝોન/અકણ/આરટીઆઈ/૧૦૨૪ તા.૨૪–૯–૦૯ થી દસ્તાવેજો, માંગેલ માહિતી અંગે સઘન તપાસ કરવા છતાં પણ રેકર્ડ મળી શકેલ નથી જેથી માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે જેનાથી નારાજ થઈ અરજદારે તા.૬–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે અપીલ સાથે ૯–૮–૭૮ ના રોજ બજેલ ખાસ નોટીસ તથા ૭૮–૭૯ ના સીધાવેરા બીલની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે કોઈ કારણ દફતર નાશ કે નિકાલનું રજૂ કરેલ નથી. દફતર નાશ કે નિકાલના કિસ્સામાં પણ તેમ કર્યા સબબની સૂચિ સક્ષમ સત્તાની મંજુરી સહ દફતરે હોવાનું અનુમાનિત છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતર ઉપલબ્ધ નહીં હોવા સબંધે લાગત દફતરના નિકાલ કે નાશ કર્યાની બાબતના અનુસંધાને તેમ કર્યાની યાદીની સક્ષમ સત્તાની મંજુરી સહિતની નકલ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે સબંધિત દફતરના ઈન્સ્પેકશન સહ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૮ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ભગવાનભાઈ નાનજીભાઈ પટેલ,